Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# नवकार कमल




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મંત્રાધિરાજશ્રી શાશ્વત નવકારની આરાધના જેમના જીવનની પ્રત્યેક ક્ષણમાં વણાયેલી હતી, પંચ પરમેષ્ઠિ પ્રત્યેની પૂર્ણ શ્રદ્ધા જેમના રોમરોમમાં ધબકતી હતી, સમતાના સાધક, પરમ આરાધક પૂ. ગુરૂદેવ પન્યાસ પ્રવરશ્રી ભદ્રંકર વિજયજી મ. સાહેબ ના ચરણમાં કોટિ કોટિ વંદના.

श्रीकैलाससागरसूरि ज्ञानमन्दिर
श्रीमहावीर जैन आराधना केन्द्र
कोबा (गांधीनगर) पि. ३८२००९

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી સ્થાપનાજી

નમો અરિહંતાણં
નમો સિદ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજ્ઝાયાણં
નમો લોએસવ્વસાહુણં
એસો પંચ નમુક્કારો
સવ્વ પાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં
પઢમં હવઈ મંગલં

પંચિંદિઅ સંવરણો, તહ નવવિહ
બંભચેર ગુત્તિધરો, ચઉવિહ કસાય
મુક્કો, ઈઅ અટ્ઠારસ ગુણેહિં સંજુત્તો
પંચ મહવ્વય જુત્તો, પંચવિહાયાર પાલણ
સમત્થો, પંચ સમિઓતિગુત્તો. છત્તીશ
ગુણો ગુરૂ મજ્ઝ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**जह जह तस्स वण्ण रसो परिणमइ मणम्मि ।**
**तह तह कमेण क्षयमेइ कम्म गंठी नीर निहित्ताम्रकुंलुव्व ।।**

જેમ જેમ નવકારના **વર્ણોનો (અક્ષરોનો)**
રસ મનમાં પરિણામ પામે છે તેમ તેમ ક્રમે
કરીને પાણીમાં મુકેલા કાચા ઘડાની માફક
જીવની કર્મગ્રંથી ક્ષય પામે છે અર્થાત્

**જીવ મોક્ષને પામે છે.**

ઉપર મુજબ શ્રી નવકારના
શાશ્વત અક્ષરોના રટનનું મહાન
ફળ "મોક્ષ" જાંણીને પરમ
મંત્ર **નવકારનું ખૂબ ખૂબ**
**રટન કરો એજ ભાવના**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જિનપ્રભસૂરિ રચિત

## નવકારફળ વર્ણન

**पणमेवि पाय परमेसराण, उसभाइ सयल तित्थेःसाराण ।**
**पणमउ पक्खालियपावमलु, जेण निसुणहु जिणनवकारफलु ।। १ ।।**

શ્રી ઋષભ વગેરે સકલ તીર્થંકરોના ચરણને પ્રણામ કરીને અમે પાપમલને પ્રક્ષાલિત કરનાર નવકારનું ફલ કહીએ છીએ. (તમે પણ) પ્રણામ કરો અને જિનનમસ્કારનું ફળ સાંભળો. ૧

**नवकार प्रभाविं निसुणि मित्त ! जे झायहिं धंमह तणियाचिंति ।**
**ते दुक्ख् न पावहिं अन्नभवि, जहि जाय तहिं सुहु लहहिं जवि ।।२।।**

હે મિત્ર ! તું નવકારનો પ્રભાવ સાંભલ. જેઓ ચિત્તમાં સદા (?) **નવકારૂપી ધર્મનું ધ્યાન કરે છે,** તેઓ અન્ય ભવમાં દુઃખ પામતા નથી, જ્યાં જાય ત્યાં લોકમાં સુખ પામે છે. ૨



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**नवकारिं लघहिं आवयाउ, नवकारिं पावहिं संपयाऊ ।**
**नवकारिं पुन्नइ उभूयति, नवकारिं पावइ खयह जंति ॥ ३ ॥**

નવકારથી આપત્તિઓ ઓલંગી જાય છે અને નવકારથી સંપત્તિઓ પામે છે, **નવકારથી પુણ્યો ઉદ્ભવે છે, નવકારથી પાપો ક્ષય પામે છે. ૩**

**नवकारिहिं वज्जई विजयढक्क नवकारिहिं को भंजइ मड्क्क॥**
**नवकारिं नवनिहिं संपडति, छक्खंड वसुंधरि ते लहंति ॥ ४ ॥**

નવકારથી વિજયનગારાં વાગે છે, નવકારથી (શત્રુનો) ગર્વ ભાંગી જાય છે, નવકારથી (તેઓ) **નવનિધિ પામે છે,** નવકારથી તેઓ છ ખંડ પૃથ્વી મેલવે છે. ૪

**नवकारिं चउदह रयण होंति नवकारिं गुणसय वित्थरंति ।**
**नवकारु सुमंगलु धन्नु पुन्नु, नवकारिं तुल्ल नहि कांइ अन्नु ॥ ५ ॥**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નવકારથી ચૌદ રત્નો થાય (મલે) છે. નવકારથી સેંકડો ગુણ વિસ્તાર પામે છે. **નવકારથી શ્રેષ્ઠ મંગલ, ધન અને પુણ્ય થાય છે, નવકાર જેવું બીજું કાંઈ નથી. ૫**

**नवकारइं राणा पुहइपालु, वर रुप वण गुणसय विसालु**
**नवकारइ वरगयगामिणीउ, संपज्जहिं पवरउ कामिणीउ ।। ६ ।।**

નવકારથી પૃથ્વીપાલક રાજા થાય છે, નવકારથી **શ્રેષ્ઠ રૂપ ઉચ્ચવર્ણ** (ક્ષત્રિયાદિ) તથા વિશાલ સેંકડો ગુણો થાય છે. નવકારથી પ્રવર ઉત્તમ ગજગામિની કામિનીઓ (સ્ત્રીઓ) મલે છે. ૬

**नवकारिं गयघड बारि हुंति, दप्पुदधुर साहण सपंडति ।**
**नवकारिहिं सामियमं वंदणाहं नर हुंति सत्तिआणंदणाहं ।। ७ ।।**

નવકારથી ગજઘટાઓના મદજલ હોય છે, (આંગણે હાથીઓ હોય છે) નવકારથી દર્પથી ઉદ્ધત એવી સેનાઓ પ્રાપ્ત થાય છે, નવકારથી વંદનીય અને સ્વામી થાય છે, **નવકારથી માણસો શક્તિ અને આનંદવાલા થાય છે. ૭**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**नवकारिहिं कयकोलाहलाइं, आगइ ठिय धावहिं पायलाहिं ।**
**नवकारिहिं जाणिहि संचरति, न कयाविथ पय भूमिहिं करंति ।। ८ ।।**

નવકારથી કોલાહલ કરતી, સામે આવીને ઝાંઝરો સાથે દોડતી (નાચતી?) જાણે ભૂમિ ઉપર પગ ન મુકતી હોય, એવી રીતે (નૃત્યાંગ-નાઓ ?) સંચરે છે ૮

**नवकारिहिं वर सोहग्गु, होइ, जस चंदधवलु वित्थरइ लोइ ।**
**नवकारिहिं परियणु विणयजुतु, हियइच्छिठ लब्भइ बहु वि वितु ।।९।।**

નવકારથી ઉત્તમ સૌભાગ્ય થાય છે, નવકારથી યશ ચંદ્ર સમાન ધવલ થઈ લોકમાં વિસ્તરે છે, **નવકારથી પરિવાર વિનયયુક્ત થાય છે, નવકારથી મનવાંછિત ઘણું જ ધન મલે છે. ૯**

**नवकारिहिं जीव न दुहि दुत्थु, जहिंक उप्पज्जहिं तहिं जि सुत्थु ।**
**नवकारिहिं वररुवेण जुत्त लब्भंति मणोरम पवर पुत्त ।। १० ।।**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નવકારથી જીવ દુઃખી અને ખરાબ હાલતવાળો થતો નથી. જ્યાં પણ ઉત્પન્ન થાય છે ત્યાં સુખી સારી અવસ્થાવાળો થાય છે, **નવકારથી (જીવો) ઉત્તમ રૂપથી યુક્ત, મનોરમ અને શ્રેષ્ઠ પુત્રો મેળવે છે. ૧૦**

**नवकारिहिं लब्भइ वेह्नियाउ, रइरुयउ तरुणतरह्नियाउ।**

**नवकारिहिं पिययम चित्तहारि, आजम्म वि विहव न होइ नारी ॥११॥**

નવકારથી ઉત્તમ રૂપમાં રતિ જેવી અને પ્રગલ્ભ પુત્રીઓ મળે છે **નવકારથી મનોહર પ્રિયતમ (પતિ) મળે છે, નવકારથી સ્ત્રી જીવનનાં અંત સુધી વિધવા થતી નથી. ૧૧**

**नवकारिहिं वरधवलहरिवासु, संपज्जइ कोमलु तू लिफासु**

**नवकारिहिं कय कप्पुरहार, नर विलसइं जह खेयरकुमार ॥ १२ ॥**

નવકારથી ઉત્તમ ધવલ રૂ (કપાસ) જેવાં સ્પર્શવાળા કોમલ, ઈન્દ્ર જેવા (દિવ્ય) વસ્ત્રો મળે છે, નવકારથી કપૂર વગેરેથી શરીર સુગન્ધિત કરી હાર ધારણ કરેલ માણસ ખેચરકુમાર (વિદ્યાધર) ની જેમ વિલસે છે. ૧૨



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**नवकारिंनासहि भूय पेय, वेयाल निसायर दुट्ठ जेय ।**
**नवकारिहिं नहयललगामिणीठ, पहवंति न मणुयहं डाइणीउ ।। १३ ।।**

નવકારથી દુષ્ટ નિશાચરો, ભૂત પ્રેત, વેતાળ, (વગેરે) દૂર ભાગી જાય છે. નવકારથી આકાશમાં ભમતી ડાકિનીઓ મનુષ્યોને છલી શકતી નથી. ૧૩

**नवकारपमाविं वग्ध सीह लषति न अदु दिन्न लीह ।**
**नवकारबलिण सायरु तरंति, संगाम दुग्गु नर नित्थरंति ।। १४ ।।**

નવકારના પ્રભાવે વાઘ, સિંહ (વગેરે) દીધેલી રેખા-હદને ઓળંગતા નથી, નવકારના બળવાળા પુરુષો સાગર તરી જાય છે અથવા સંગ્રામ અટવી (વગેરે)નો નિસ્તાર (પાર) પામે છે. ૧૪

**नवकारिं थावर जंगमाइं नासंति नरह विसमइं विसाइं ।**
**नवकारिहिं जलणु वि जलु नराहं, बहुमाण भत्तिभर निब्भराहं ।। १५ ।।**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નવકારથી મનુષ્યોને (ચઢેલો) સ્થાવર - જંગમ વિષમ (ખરાબ) વિષો (ઝેર) નાશ પામે છે, નવકારથી બહુમાન અને અત્યંત ભક્તિથી નિર્ભર (ભરેલા) મનુષ્યોને માટે **અગ્નિ પણ પાણી થઈ જાય છે. ૧૫**

**नवकारिहिं बइरइं उवसमंति, गहगाय भूअ अणुकूलं हुंति**
**नवकारिहिं काइं न काइं जण सुदरु संपज्जइ सयलु भवें(?) ।। १६ ।।**

**નવકારથી વેર શત્રુભાવ ઉપશમે છે,** નવકારથી ગ્રહોનો સમૂહ અને ભૂતો અનુકૂલ થાય છે, **નવકરાથી સર્વભવોમાં (સંસારમાં) કંઈ કંઈ સુન્દર વસ્તુઓ લોકમાં પ્રાપ્ત થતી નથી ? ૧૬**

**नवकारिहिं सुहु बिज्जाहराहं गंधव्व सिद्ध तह किंनराहं ।**
**नवकारिहिं दाणव वंतराहं, गच्छंति दियह हरसियमणाहं ।। १७ ।।**

નવકારથી વિદ્યાધરો ગંધર્વો સિદ્ધો તથા કિંનરોનાં સુખો પ્રાપ્ત થાય છે. નવકારથી દાનવો (અસુરો), **વ્યંતરોના દિવસો હર્ષવાળા મનથી પસાર થાય છે. ૧૭**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**नवकारिहीं चंदाइच्च दोवि, सुहु भुंजइं सुंदरु देवलोइ ।**
**नवकारिहीं तारा सिद्धिमंत, अंबरतलि दीसहि जगजगंत ।। १८ ।।**

નવકારથી ચંદ્ર અને સૂર્ય બંને દેવલોકમાં સુખ ભોગવે છે. નવકારથી રિદ્ધિવાલા તારાઓ (તારાના દેવો) આકાશતલમાં ઝગઝગાટ કરતા દેખાય છે. ૧૮

**नवकारिहीं लब्भइ सुरविमाण, मणिरयणविणिम्मिय अप्पमाण ।**
**नवकारिहीं सुरगण करहिं सेव, जंपति वायणु "जय देव देव" ।।१९।।**

નવકારથી મણીઓ અને રત્નોથી બનાવેલું મોટું દેવવિમાન મલે છે. નવકારથી દેવગણો સેવા કરે છે અને જય દેવ દેવ, એવાં વચનોથી જયજયકાર કરે છે. ૧૯

**नवकारिहीं पीणपयोहराऊ, न मुयंति पासु वर अच्छराउ ।**
**नवकारिहीं नर अहमिंद हुंति, पणनुत्तुर सोखइं अणु हवंति ।। २० ।।**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નવકારથી પુષ્ટ સ્તનવાલી શ્રેષ્ઠ અપ્સરાઓ ક્ષણવાર પણ દૂર થતી નથી. નવકારથી મનુષ્યો અહમિંદ્ર થાય છે અને પાંચ અનુત્તર વિમાનના સુખો અનુભવે છે. ૨૦

नवकारिहीं सिज्झहि मंत तंत अन्न वि जे कज्ज महामहंत ।
नवकारिहीं जोगिय जोगसिद्धि, मणहर संपज्जइ सयलरिद्धि ।। २१ ।।

**નવકારથી મંત્રો તંત્રો સિદ્દ થાય છે, અન્ય પણ મોટાં મોટાં કાર્યો**

**સિદ્ધ થાય** છે, નવકારથી યોગીઓને યોગસિદ્ધિ અને સકલ મનોહર ઋદ્ધિઓ પ્રાપ્ત થાય છે. ૨૧

नवकारि जाइं पंचप्पयाइं, तइलोय महिय सत्तक्खराइं ।
नवकारि तिन्नि चूला विलास (लु), ज (जे) हीं संथुय (ते) तिहुयणि
सामिसालु ।। २२ ।।



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નવકારમાં પાંચ પદો છે, ત્રણે લોકમાં પૂજિત સાત અક્ષરો (આદિમાં નમો અરિહંતાણં) છે. નવકારની ચૂલિકાના ત્રણ વિભાગ છે. **ત્રણે ભુવનમાં જેઓ મહાન છે તેઓ (પરમેષ્ઠીઓ) અહીં નવકારમાં સ્તવવામાં આવ્યા છે. ૨૨**

**नवकारि अट्ठसंठी वराण, किय संख (स) जिणिंदिहिं अक्खराण ।**
**नवकारिहीं वच्चइ जाह दोह, नरमज्झि पहिल्लिय तांह लोह ।। २३ ।।**

નવકારમાં શ્રેષ્ઠ (પરમ) અક્ષરોની સંખ્યા જિનેંદ્રોએ ૬૮ની કહી છે. **નવકાર (ના સ્મરણ) વડે જેઓના દિવસો જાય છે, તેઓની મનુષ્યોમાં ગણના પહેલાં નંબરે થાય છે. ૨૩**

**नवकारु भणिवि जे निसि सुयन्ति, ते इह भव (परभव) सुहिय होंति ।**
**नवकारिहीं जे जग्गति नर, मुहु जोयइं संपय ताहं पर ।। २४ ।।**

નવકારનો પાઠ કરીને જેઓ રાતના સુવે છે. (સૂઈ જાય છે) તેઓ આ ભવમાં સુખી થાય છે **નવકારથી જે માણસો જાગે છે, (ઉઠતાં જ**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેઓ નવકાર ગણે છે), શ્રેષ્ઠ સંપત્તિઓ તેઓનાં મુખ જુએ છે (શ્રેષ્ઠ સંપત્તિઓ તેઓની પાસે પોતાની મેળે આવે છે.) ૨૪

**नवकारइं भोयणु जो करेइ, तसु दुट्ठं दिट्ठि पसरु वि हणेइ ।**
**नवकारिहीं वसणि न देह मच्चु, सनिहिउ जिम निभिच्चु भिच्च (च्चु) ।।२५।।**

નવકારથી જે ભોજન કરે છે તેની નજર માત્ર પણ દુષ્ટનો નાશ કરે છે. જેમ આજ્ઞાંકિત સમર્થ સેવક સાથે હોવાથી માણસ નિર્ભય હોય છે, **તેમ નવકારને ધારણ કરનાર સંકટને ચિત્ત આપતો નથી.** (નિર્ભય હોવાથી સંકટને મનમાં લાવતો નથી.) ૨૫

**नवक[illegible] (रु) अणाइअणंतुं पहु, मंमज्झहु जण भावेण लेहु ।**
**नव[illegible]रु जिणागमसव्वसारु, लोलइं लोलइं उग्घाडइ सिद्धिबारु ।।२६।।**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નવકારના અનાદિ અનંત પ્રભુ (ભગવાન પાંચ પરમેષ્ટિઓ) છે, તેઓ મને લોકમાં (?) ભાવથી પ્રાપ્ત થાઓ. **નવકાર સર્વજિનાગમોનો સાર છે,** સિદ્ધિ બારણું નવકાર લીલાથી ઉઘાડે છે. ૨૬

**नवकार लक्खु जो नरु गुणइ, नियिसत्तिए पच्छा उज्जमेइ ।**
**नवकारपभाविहि सुयपवित्तु, नरु बंधइ सिरितित्थयंरगोत्तु ॥ २७ ॥**

લાખ નવકાર જે માણસ ગણે અને પાછળથી તેમાં શક્તિ મુજબ ઉદ્યમ કરે (શક્તિ મુજબ ઉજમણું કરે) છે. નવકારના પ્રભાવે શુચિ પવિત્ર થયેલ તે **તીર્થંકર નામકર્મ બાંધે.** ૨૭

**नवकार गुणइ जो अटठ्अट्ठ, पइ दियहु तस्स कमट्ठ नट्ठ ।**
**नवकार गुण जो अट्ठकोडि, सो दुक्खह जाइ तोडि ॥ २८ ॥**

જે રોજ આઠ આઠ નવકાર ગણે છે તેનાં આઠ કર્મ નાશ પામે છે. જે આઠ કરોડ નવકાર ગણે છે તે સર્વ દુ:ખોને ઓળંગી જાય છે. ૨૮



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**नवकार सरइ जो मरणकालि, सो बंधइ अन्नह भवह पालि ।**
**नवकारि भाउ जसु अप्पमाणु, संपज्जइ सो रिद्धिवद्ध माणु ।। २९ ।।**

જે મરણ સમયે નવકારનું સ્મરણ કરે છે તે બીજા ભવની પાળ બાંધે છે. **નવકારમાં જેનો અપરિમિત ભાવ છે તે વધતી જતી ઋદ્ધિને પામે છે. ૨૯**

**जो नरु निरु नकवारक रत्तउ, पंचहीं समिइ तिगुत्तिहीं गतउ ।**
**पढइ गुणइ नवकारहं भत्तउ, सों निव्वाणह जाइ निरुत्तउ ।। ३० ।।**

જે માણસ નિરન્તર નવકારમાં રત છે, જે પાંચ સમિતિ (થી સમિત) અને ત્રણ ગુપ્તિથી ગુપ્ત છે અને ભક્તિ પૂર્વક નવકાર ગણે છે **તે નિશ્ચિત મોક્ષમાં જાય છે. ૩૦**

**जो नर झायइ ए पममक्खर दूरहि नासाहिं तसु सभी तक्कर ।**
**पंच पयइ जो अणुदिणु झायइ लछि सयंवर तसु घरि आवइ ।।**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જે માનવ આ નવકારના પરમ અક્ષરોનું ધ્યાન કરે છે, તેનાથી સર્વ ચોરો દૂર ભાગે છે, જે રોજ નવકારના પાંચ પદોનું ધ્યાન કરે છે તેના **ઘરે લક્ષ્મી સ્વયંવરા થઈને (પોતાની મેળે) આવે છે.**

**विहिसउ उजमइ जो नवकार दुत्तर हेला तरई संसारु ।**
**जो नरु सुमराइ अट्ट सट्टि अक्खर तासु सुरासुर वट्हि किंकर ।।**

જે નવકારમાં વિધિ સહિત ઉદ્યમ કરે છે, તે દુસ્તર સંસારને સુખથી શીઘ્ર તરી જાય છે. જે માણસ ૬૮ અક્ષર (નવકારના)નું સ્મરણ કરે છે, દેવતાઓ અસુરો તેના કિંકર થાય છે.

**બાળક માતાના ઉદરમાં હોય ત્યારે અને બાળકના જન્મ સમયે જો માતા મનમાં ખૂબ નવકાર ગણતી હોય તો તે બાળક ભવિષ્યમાં મહાન પુન્યશાળી થાય છે.**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**આ નવકાર મંત્રનો મહિમા** રોજ વાંચવા લાયક છે કારણ મહિમાના વાંચનથી ચિત્તમાં રસ વધે છે, રસ વધવાથી ચિત્તમાં એકાગ્રતા આવે છે અને એકાગ્રતાથી નવકાર તુરન્ત ફલે છે.

**વળી પુસ્તકના ઊપરના પાને, નવકારનું કમલ આપેલ છે** તે મુજબ નવકાર ગણવાથી શીઘ્ર એકાગ્રતા થાય છે, અને લાભ થાય છે. જેમ કે,

**पूरव दिशि चारे आदि प्रपंचे समरे संपत्ति थाये ।**
**सो भविया भत्ते चोक्खे चित्ते नित्य जपीए नवकार ।**

માટે કમલમાં શ્રી નવકારના પદો જે મુજબ છે. તે મુજબ ગણવાની આદત પાડવી, તુરત લાભદાયી થશે.

**उत्तिष्ठन् निपतन् चलन्नपि धरपिठे लुठन् वा स्मरे**
**ज्जाग्रद् वा प्रहसन् स्वपन्नपि वने विभ्यन्निषीदन्नपि**
**गच्छन् वर्त्मनि वेश्मनि प्रतिपदं कर्म प्रकुर्वन्नमु,**
**यः पन्चप्रभुमन्त्रमेकमनिशं किं तस्य नो वाँछितम् ।।**

ભગવાન ઉમાસ્વાતીજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉઠતાં, પડતાં, ચાલતાં, ભૂમિ ઉપર આળોટતાં, જાગતાં, હસતાં, સુતાં, વનમાં ભય પામતાં, બેસતાં માર્ગમાં કે **ઘરમાં જતાં પ્રત્યેક ડગલે અને પ્રત્યક કામ કરતાં જે** નવકાર મંત્રનું નિરંતર સ્મરણ કરે, તેના ક્યાં મનોરથ પૂર્ણ ન થાય ? **અર્થાત્ તેની બધી ઈચ્છા પૂર્ણ થવાથી તે ભાગ્યશાળી છે.**

**અપવિત્ર હોય કે પવિત્ર હોય,** સુખી હોય કે દુઃખી હોય, જે નવકારનું ધ્યાન કરે તે સર્વ પાપથી મુક્ત બને છે.

**अयं धर्मः श्रेयानमपि च देवो जिनपत्ति**
**व्रंत चैतत् श्रीमानयमपि च यः सर्वफलदः**
**किमन्यैर्वाग्जालैर्बहुभिरपि संसारजलधौ,**
**नमस्कारात्तत किं यदिह शुभरुपं न भवति ।**

ભગવાન ઉમાસ્વાતિજી

**આ નવકાર કલ્યાણકારી ધર્મ છે.**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જિનશ્વર દેવ પણ એ છે, 'વ્રત' પણ એ છે. અને જે સર્વ ફળોને આપે છે તે "શ્રીમાન્" પણ એ છે. બીજા ઘણા વાક્ પ્રપંચોથી શું ? આ સંસાર સમુદ્રમાં એવું શું છે કે જે આ નવકાર મહામંત્રથી શુભરૂપ ન થતું હોય. અર્થાત્ **આ સંસારમાં જે જે શુભરૂપ છે, તે તે બધું નવકાર મંત્રના પ્રભાવે જ છે.**

**આ નવકાર મહામંત્ર :-**

શાશ્વત છે. શાશ્વત સ્થાન (મોક્ષ)ને આપનાર કલ્યાણકારી ધર્મ છે.

શ્રીજિનશાસનનો **સાર** છે. ચૌદ પૂર્વનો **સાર** છે. ધર્માનુષ્ઠાનોનો **સાર** છે.

પ્રભુની વાણીમય છે પરમસ્વાધ્યાય છે, અષ્ટાપાદ પંચતીર્થમય છે સર્વ મંત્રોની જન્મભૂમિ છે. દરેક અક્ષર ઉપર ૧૦૦૮ મહાવિદ્યાઓ છે. અને જેમાં દેવતાઓનું અધિષ્ઠાન છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુન્યી ઉત્તપત્તિ તથા વૃદ્ધિકારી હોવાથી કલ્યાણકારી, સૌભાગ્યદાયી અને નવનિધિ આદિ સંપત્તિને સ્થિર કરનાર છે.

**સમ્યકત્વ** આદિ સર્વ ગુણ સ્થાનકોની પ્રાપ્તિ કરાવનાર છે

**સર્વ રોગનાશક** છે અને મૃત્યુ વખતે યાદ કરવાથી **સદ્ગતિદાયી** છે. ઇંદ્રિપણુ, ચક્રવર્તી પણુ, રાજ્ય, વિગેરે મેળવી શકાય છે. પણ આ દુષમ કાળમાં કલ્પવૃક્ષ તુલ્ય આ નવકાર **મંદપુન્યવાળાને** મળી શકતો નથી ઘણા ઘણા પાપનાશ અને મહાન પુન્યોદયે **નવકાર** મળી શકે છે. વળી કરોડો વર્ષો સુધી કરોડો જીભોથી સાક્ષાત્ તીર્થંકરો દેવો જેનો મહિમા ન કહી શકે તેવા શ્રી શાશ્વત નવકારનો મહિમા વારંવાર **ગણવાથી, રટન કરવાથી** અનુભવી શકાય માટે દરેક સ્થિતિમાં દરેક સ્થાને પ્રતિક્ષણે ગણી શકાય, સ્મરણ કરી શકાય, તેવા **મહામંગળમય** નવકારનું ખૂબ ખૂબ સ્મરણ કરી કરાવી જીવનને ધન્ય બનાવો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લાંબા કાળ સુધી **તપને** તપ્યો,
ચારિત્ર પાલ્યું ઘણા શાસ્ત્રોને ભણ્યો.

પણ નવકારમાં પ્રેમ ન લાગ્યો, તો સઘળું નિષ્ફળ ગયું જાણવું (પૂ. જિનચંદ્ર સૂરિજી)

પૂર્વ મહર્ષિઓના ઉપરના મહાન વચનોને વાંચી, વિચારી શ્રી નવકારની **મહાનતાને** સમજી નવકારના સ્મરણમાં લયલીન બની સ્વપર કલ્યાણ સાધો એજ કામના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ये भव्य प्राणिन:
पंच सौगंधिक तांबूलमिव
श्रीमत् पंच परमेष्ठि नमस्कारं
नक्तं दिवमुपवेशने वोत्थाने वा
स्थाने वा याने वा
भोजने वा पयःपाने वा
स्वापे वा ऽवबोधे वा
स्वकीय मुखां भोजाद श्रांतं
न परित्यजंति तेषां व्याघ्र
व्याल जलानल मृगाराति
चौर विषधर वराहादयो दुष्ट
सत्त्वा: कृशानुतापान्नवनीति
पिंड इव विद्रवंति



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જે ભવ્ય પ્રાણીઓ પંચ સુગંધી
તાંબૂલ માફક શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કાર, ને
રાત્રે કે દિવસે, બેસતાં કે ઉઠતાં, સ્થાનમાં કે
વાહનમાં, **ભોજન કરતાં અથવા પાણી દૂધ**
**વિ. પીતાં, ઉંઘતાં**
કે જાગતાં પોતાના મુખકમળથી
નિરંતર ગણે છે, તેને વાઘ, સાધ,
જલ, અગ્નિ, સિંહ, ચોર, વિષધરનાગ
વરાહ વિ. દુષ્ટ પ્રાણીઓ અગ્નિના
તાપથી માખણ માફક ઓગળી જાય છે.
એટલે કે તેનાથી દૂર ભાગે છે
(ચૈત્યવંદન કૂલક)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પરમ પૂજ્ય પંન્યાસ પ્રવર શ્રી મહાયશવિજયજી મહારાજ

તથા પૂ. મુનિરાજ શ્રી ધુરંધરવિજયજી મહારાજ

સાહેબની પ્રેરણાથી............



સ્વ. શ્રીમતી સુશીલાબેન શાંતિલાલ શાહ
તથા જ્યોતિના સ્મરણાર્થે ધર્મપ્રભાવના

શાંતિલાલ દીપચંદભાઈ શાહ
( સંખલપુરવાળા )
ડેવ. ઓફીસર (એલ.આઈ.સી.)
૩, ચિંતનપાર્ક, વાસણા અમદાવાદ-૩૮૦૦૦૭.
૪૧૯૬૭૫

For Private And Personal Use Only